# સુરત મહાનગરપાલિકા

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૦૧
તા.૦૪/૦૪/૨૦૧૬ (૨૦૧૬–૧૭)

અરજદાર :– શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયા

સામાવાળા :– શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.,S.E.Z.

ફરીયાદની હકીકત :–

વિષય:– આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની અત્રેના ઈ.નં.૧૪૩૧, તા.૦૩/૦૩/૧૬ (આઈ.ડી.નં.૨૮૬૭, તા.૨૯/૦૨/૧૬, સે.ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ સેન્ટ્રલ ઝોન, અઠવા ઝોન, ઉધના ઝોન, વરાછા ઝોન, કતારગામ ઝોન, રાંદેર ઝોન ડોર ટુ ડોરની ગાડી કેટલી રાખવામાં આવી છે અને તેનું ચેકીગ કોણે કરવાનું હોય છે. અને ચેકીગ કર્યા પછી શું જણાવામાં આવ્યું તેની માહિતી આપવી.

સંદર્ભ :– અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૦૯, તા.૦૪/૦૪/૧૬ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૦૧/૨૦૧૬–૧૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની અત્રેના ઈ.નં.૧૪૩૧, તા.૦૩/૦૩/૧૬ (આઈ.ડી.નં.૨૮૬૭, તા.૨૯/૦૨/૧૬, સે.ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ સેન્ટ્રલ ઝોન, અઠવા ઝોન, ઉધના ઝોન, વરાછા ઝોન, કતારગામ ઝોન, રાંદેર ઝોન ડોર ટુ ડોરની ગાડી કેટલી રાખવામાં આવી છે અને તેનું ચેકીગ કોણે કરવાનું હોય છે. અને ચેકીગ કર્યા પછી શું જણાવામાં આવ્યું તેની માહિતી આપવી. તેમજ અપીલ અરજીમાં "ચેકીગ કર્યા પછી શું જાણવા મળ્યું તેની માહિતી નથી આપી" એમ જણાવી અત્રેના અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) સુરતને સંબોધિને કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના ઈ.નં.૦૯, તા.૦૪/૦૪/૧૬ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દા વાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં.સા.ઈ.ઝોન/ઈ.એસ.ટી/આર.ટી.આઈ.સેલ/ ૧૧, તા.૦૫/૦૪/૧૬ થી સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવેલ.

ઉપરોકત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતા મુળ અરજીના અનુસંધાનમાં માંગેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એમ.એ.શેખ દ્વારા ક્રમાંક : સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં.૧૯૧૩, તા.૨૮/૦૩/૧૬ થી પાઠવેલ જવાબ (માહિતી) મુજબ **"મુદ્દા નં.(૧):– આપે માંગેલ માહિતીમાં લિંબાયત ઝોનની માહિતી માંગેલ ન હોય એવું જણાઈ આવે છે. જેથી અત્રેથી કોઈ માહિતી આપવાની રહેતી નથી."** આમ, સમય મર્યાદા જવાબ પુરો પાડેલ હોવાનું જણાય છે.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯/૦૨/૧૬ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એમ.એ.શેખ દ્વારા સમય મર્યાદામાં સ્પષ્ટ જવાબ પાઠવેલ હોય, તેઓને કોઈ વિશેષ હુકમ કરવા જોગ રહેતો નથી. જેથી સદર અપીલ અરજી **દફતરે** કરવામાં આવે છે.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.પી.એચ.ઉમરીગર)
એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તારીખઃ– /૦૫/૨૦૧૬

પ્રતિ,

(૧) શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે., S.E.Z... પ્રતિ જાણ સારૂ.....

(૨) શ્રી હરીશચન્દ્ર ફકીરચન્દ્ર ગડરીયા, તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ...

## સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૦૬
તા.૨૫/૦૪/૨૦૧૬ (૨૦૧૬–૧૭)

**અરજદાર :–** શ્રી નિલેશ ઈશ્વર પટેલ

**સામાવાળા :–** શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.,S.E.Z.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી નિલેશ ઈશ્વર પટેલની અત્રેના ઈ.નં.૧૪૮૪, તા.૧૯/૦૩/૧૬ (આઈ.ડી.નં.૬૮૦, તા.૧૭/૦૩/૧૬, મધ્યસ્થ કચેરી) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ મુદ્દા નં.(૧) તા.૦૫/૦૧/૨૦૧૬ ના રોજ સિંદુબેન અભિમાન પાટીલે આપેલ અરજી અંગે જે કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સર્ટીફાઈડ નકલ સાથે માહિતી આપવા મે.કરશોજી. વિગેરે મુદ્દા નં.(૧) થી (૬).

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૯૦, તા.૨૫/૦૪/૧૬ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૦૬/૨૦૧૬–૧૭.

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી નિલેશ ઈશ્વર પટેલની અત્રેના ઈ.નં.૧૪૮૪, તા.૧૯/૦૩/૧૬ (આઈ.ડી.નં.૬૮૦, તા.૧૭/૦૩/૧૬, મધ્યસ્થ કચેરી) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ મુદ્દા નં.(૧) તા.૦૫/૦૧/૨૦૧૬ ના રોજ સિંદુબેન અભિમાન પાટીલે આપેલ અરજી અંગે જે કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની સર્ટીફાઈડ નકલ સાથે માહિતી આપવા મે.કરશોજી. મુદ્દા નં.(૨) મદનપુરા શાકમાર્કેટ લિંબાયતમાં બે ગાળા વચ્ચે ભવિષ્યમાં કોઈ પણ પ્રકારનું બાંધકામ કે ઓટલા બનાવવામાં આવતા હોય તો તેની કોની મંજુરી થી બનાવવામાં આવશે તેની પ્રમાણીત નકલ સાથેની માહિતી આપવવા મે. કરશોજી. મુદ્દા નં.(૩) મદનપુરા શાક માર્કેટ લિંબાયતમાં આવેલ માર્કેટમાં કસ્તુરીબેન ચૌધરીને તેમજ તેમના પરીવારમાંથી કેટલા જણાને કેટલી જગયા ફાળવવામાં આવેલ છે. અને કયા અધિકારીશ્રીએ કેટલી જગ્યા ફાળવવામાં આવેલ છે. અને કયા અધિકારીશ્રીએ ફાળવણી કરેલ છે. તેની પ્રમાણીત નકલ સાથે માહિતી આપવા મે.કરશોજી. મુદ્દા નં.(૪) મદનપુરા શાક માર્કેટ લિંબાયતમાં કસ્તુરીબેન ચૌધરી તેમજ તેઓના પરીવાર ને કયારથી તેમજ કયા લારી નંબર થી ફાળવણી કરવામાં આવેલ છે. અને તે કયા અધિકારીશ્રીએ આપેલ છે. જેની સંપુર્ણ માહિતી સર્ટીફાઈડ નકલ સાથે આપવા મે.કરશોજી. મુદ્દા નં.(૫) લિંબાયત મદનપુરા શાક માર્કેટમાં જેઓને ઓટલા ફાળવવામાં નથી આવ્યા તેમજ કોઈ પણ પ્રકારની સુવિધા આપવામાં આવેલ નથી. તો કયા પરીપત્ર મુજબ ભાડુ લિંબાયત ઝોન દ્વારા લેવામાં આવે છે. તેની સર્ટી ફાઈડ નકલ સાથે માહિતી આપવા મે. કરશોજી. મુદ્દા નં.(૬) લિંબાયત મદનપુરા શાકમાર્કેટમાં શાકભાજી વેચનારાઓને ભાડે આપેલ જગ્યાઓ અંગે સુરત પોલિસ કમિશ્નરશ્રીના જાહેરનામા મુજબ આ શાકભાજી વેચનારાઓની ભાડુત તરીકેની માહિતી આપેલ છે કે અને માર્કેટમાં જાહેરનામા મુજબ C.C.T.V કેમેરા લગાવેલ છે. કેમ તે અંગેની માહિતી સર્ટીફાઈડ નકલ સાથે આપવા મે.કરશોજી. તેમજ અપીલ અરજીમાં "આપેલ માહિતી અધુરી અને અપુરતી છે." એમ જણાવી અત્રેના પ્રથમ અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) સુરતને સંબોધિને કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના ઈ.નં.૯૦, તા.૨૫/૦૪/૧૬ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા

અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દા વાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં.સા.ઈ.ઝોન/ ઈ.એસ.ટી/ આર.ટી.આઈ.સેલ/ ૪૬, તા.૩૦/૦૪/૧૬ થી સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓને જણાવેલ.

ઉપરોકત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતા મુળ અરજીના અનુસંધાનમાં માંગેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એમ. એ. શેખ દ્વારા ક્રમાંક : સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં.૧૦૩, તા.૧૬/૦૪/૧૬ થી પાઠવેલ જવાબ (માહિતી) મુજબ **"મુદ્દા નં.(૧) :– સીધુબેન અભિમાન પાટીલે આપેલ અરજી કયા વિભાગને લાગત હોય એ સ્પષ્ટ થતુ ના હોવાથી સ્પષ્ટતા થયા બાદ આગળની કાર્યવાહી કરી શકાશે. મુદ્દા નં.(૩) :– આ માર્કેટ ઘણી જુની હોય અત્રેના રેકર્ડ પર માહિતી ઉપલબ્ધ નથી. મુદ્દા નં.(૪) :– આ માર્કેટ ઘણી જુની હોય અત્રેના રેકર્ડ પર માહિતી ઉપલબ્ધ નથી. મુદ્દા નં.(૫) :– સુરત મહાનગરપાલિકાના નિતીનિયમ મુજબ વસુલાત કરવામાં આવે છે. મુદ્દા નં.(૬) :– સી.સી.ટી.વી. કેમેરા લગાડવાની કાર્યવાહી અત્રેથી કરવામાં આવતી નથી. શાકભાજી વેચનારાઓને કોઈ જગ્યા ભાડેથી આપવામાં આવી નથી."** આમ, અરજદારને જવાબ (માહિતી) પુરી પાડેલ હોવાનું જણાય છે.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭/૦૩/૧૬ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એમ. એ. શેખ દ્વારા તેઓને લાગત મુદ્દાઓ અન્વયે અરજદારશ્રીને જવાબ (માહિતી) પુરી પાડેલ હોવાનું જણાય છે. જાહેર માહિતી અધિકારીના સુચવ્યાનુસારની સ્પષ્ટતા કર્યેથી તેમજ તે અંગે અરજદાર ઈચ્છુક હોય તો રજાના દિવસો સિવાય કચેરી કામકાજના દિવસો દરમ્યાન સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓનો આગોતરો સમય મેળવી ઉપલબ્ધ હકીકતલક્ષી દફતરી રેકર્ડની ચકાસણી કરી માહિતીની ખરાઈ કરી, માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.કે.આઈ.ખત્રી)
ઈ.ચા.એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તારીખઃ– /૦૫/૨૦૧૬

પ્રતિ,

(૧) શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.,S.E.Z. ... પ્રતિ જાણ સારૂ.....

(૨) શ્રી નિલેશ ઈશ્વર પટેલ, તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ...

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૦૯
તા.૨૮/૦૪/૨૦૧૬ (૨૦૧૬–૧૭)

**અરજદાર :–** શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી

**સામાવાળા :–** શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.,S.E.Z.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીની અત્રેના ઈ.નં.૧૩૧૯, તા.૧૨/૦૨/૧૬ (આઈ.ડી.નં.૧૮૩/૧૬ તા.૩૦/૦૧/૧૬, કલેકટર કચેરી) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ મદ્દા નં.(૧) :– આપ સાહબ કે નામ સે દિનાંક : ૧૯/૧૨/૧૫ કો પુરવઠા વિભાગ સંબંધિત એક આવેદન દિયા થા. ઉકત આવેદન પર પુરવઠા વિભાગ દ્વારા કી ગઈ કારવાઈ કી તમામ જાનકારી કી પ્રમાણિત નકલ દેને કી કૃપા કરે. વિગેરે મુદ્દા નં.(૧) થી (૫).

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૧૧૪, તા.૩૦/૦૪/૧૬ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૦૯/૨૦૧૬–૧૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીની અત્રેના ઈ.નં.૧૩૧૯, તા.૧૨/૦૨/૧૬ (આઈ.ડી.નં.૧૮૩/૧૬ તા.૩૦/૦૧/૧૬, કલેકટર કચેરી) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ મદ્દા નં.(૧) :– આપ સાહબ કે નામ સે દિનાંક : ૧૯/૧૨/૧૫ કો પુરવઠા વિભાગ સંબંધિત એક આવેદન દિયા થા. ઉકત આવેદન પર પુરવઠા વિભાગ દ્વારા કી ગઈ કારવાઈ કી તમામ જાનકારી કી પ્રમાણિત નકલ દેને કી કૃપા કરે. મુદ્દા નં.(૨) આપ સાહબ કે અધિનસ્ત નાણા ધિરનાર વિભાગ દ્વારા નવાગામ ડિંડોલી મેં કુલ કિતને પરવાનેદાર હૈ, ઉનકા નામ, પતા, મોબાઈલ નંબર, દુકાનો કે નામ તમામ જાનકારી એવં તમામ લાઈસન્સ કી પ્રમાણિત નકલ દેને કી કૃપા કરેં. મુદ્દા નં.(૩) આપ સાહબ કે અધિનસ્ત સુરત મહાનગરપાલિકા કે સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) કે ગુમાસ્તા વિભાગ દ્વારા તમામ નાણા ધિરાણ કરનેવાલે દુકાનદારો કી ગુમાસ્તા કી લાઈસન્સ કી પ્રમાણિત નકલે દેને કી કૃપા કરે. મુદ્દા નં.(૪) નવાગામ ઈશ્વરપુરા, રામાયણ પાર્ક કે સામને માધવ જવેલર્સ એવં ડિંડોલી ગાવમેં ચોકસી માધવ જવેલર્સ કે ધિરાણ લાયસન્સ કી પ્રમાણિત નકલ એવં ગુમાસ્તા ધારા કે લાયસન્સ કી પ્રમાણિત નકલ દેને કી કૃપા કરે. મુદ્દા નં.(૫) સુરત મહાનગરપાલિકા કમિશ્નર સાહબ કે અધિનસ્ત આરોગ્ય અધિકારી શ્રી કો પત્ર ક્રમાંકઃ ૬૨૦૩૯૫/૨૦૧૫ અધિક નિયમાંક :પ.ક.: આરોગ્ય ત.સે.અને ત.શિ.:આ.વિ. : ગાંધીનગર દ્વારા દિયે ગયે પત્ર પર કી ગઈ કારવાઈ કી તમામ જાનકારી કી પ્રમાણિત નકલ દેને કી કૃપા કરેં. તેમજ અપીલ અરજીમાં " મુદ્દા નં. (૫) કી જાનકારી આજદિન તક નહી મિલી" એમ જણાવી જિલ્લા કલેકટર એવં જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, જિલ્લા સેવા સદન–૨, સુરતને સંબોધિને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી, જાહેર માહિતી અધિકારી અને અને જન સંપર્ક અધિકારી ટુ કલેકટર, સુરત દ્વારા તા.૦૪/૦૪/૧૬ ના રોજ આસી.કમિશ્નરશ્રી સાઉથ ઝોન (ઉધના) ને તબદીલ કરવામાં આવેલ. જે તત્રેથી અપીલ અધિકારી અને આસી. કમિશ્નરશ્રી, લિંબાયત ઝોન અને અપીલ અધિકારી, લિંબાયત ઝોન પ્રતિ તબદીલ થઈ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત), સુરતને અત્રેના ઈ.નં.૧૧૪, તા.૩૦/૦૪/૧૬ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દા વાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં.સા.ઈ.ઝોન/ ઈ.એસ.ટી/ આર.ટી.આઈ.સેલ/૫૧, તા.૦૫/૦૫/૧૬ થી સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓને જણાવેલ.

ઉપરોકત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતા મુળ અરજીના અનુસંધાનમાં સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીની.ચીફ સેનેટરી ઈન્સ્પે.શ્રી એમ.એ.શેખ દ્વારા **" જાહેર માહિતી અધિકારી અને સીની.ચીફ સેનેટરી ઈન્સ્પે., સાઉથ ઝોન (ઉધના) તેમજ જાહેર માહિતી અધિકારી અને ગુમાસ્તાધારા ઈન્સ્પેકટરશ્રી સા.ઈ.ઝોન (લિંબાયત) પ્રતિ અનુક્રમે ક્રમાંક : સા.ઈ.ઝોન/ આરોગ્ય/ આ.નં.૧૭૨૭, તા.૧૭/૦૨/૧૬ તેમજ ક્રમાંક : સા.ઈ.ઝોન / આરોગ્ય/ આ.નં.૧૮૯૪, તા.૨૨/૦૩/૧૬ થી નમુનો 'ઘ' પાઠવી સંપુર્ણ રૂપે તબદીલ કરેલ હોવાનું જણાય છે."** આમ, અરજદારને જવાબ પાઠવેલ હોવાનું જણાય છે.

**<u>હુકમ</u>**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦/૦૧/૧૬ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીની. ચીફ સેનેટરી ઈન્સ્પે. દ્વારા મુળ અરજી લાગત સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓ પ્રતિ સંપુર્ણ રૂપે તબદીલ કરેલ હોવાનું જણાય છે. અરજદારશ્રી પ્રથમ અપીલ અરજીમાં મુદ્દા નં.૫ અન્વયે જવાબ મળેલ ન હોવાનું જણાવેલ છે. જે મુદ્દા નં.૫ ને ધ્યાને લેતા તેના વિષય વસ્તુ અત્રેની કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ ની બાબત ન હોય, મુળ અરજી સંપુર્ણ તબદીલ કરેલ હોવાનું ધ્યાને લઈ સદર અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.પી.એચ.ઉમરીગર)
એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તારીખઃ– /૦૫/૨૦૧૬

પ્રતિ,

(૧) શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે., S.E.Z... પ્રતિ જાણ સારૂ.....

(૨) શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી, તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ...

# સુરત મહાનગરપાલિકા

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૨૩
તા.૦૩/૦૬/૨૦૧૬ (૨૦૧૬–૧૭)

અરજદાર :– શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયા

સામાવાળા :– શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.,S.E.Z.

ફરીયાદની હકીકત :–

વિષયઃ– આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની અત્રેના ઈ.નં.૧૧૫, તા.૦૨/૦૫/૧૬ (આઈ.ડી.નં.૨૫૭, તા.૨૯/૦૪/૧૬, સેન્ટ્રલ ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ મુદ્દા નં.(૧) ડોર ટુ ડોરની ગાડી ઉપર પોટલા લટકાવવામાં આવે છે. તો તેની સામે શું પગલા લેવા માં આવે છે. અત્યાર સુધીમાં લેવાયેલ પગલાની માહિતી આપવી. વિગેરે મુદ્દા નં.(૧) થી (૩).

સંદર્ભ :– અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૨૯૦, તા.૦૩/૦૬/૧૬ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૨૩/૨૦૧૬–૧૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની અત્રેના ઈ.નં.૧૧૫, તા.૦૨/૦૫/૧૬ (આઈ.ડી.નં.૨૫૭, તા.૨૯/૦૪/૧૬, સેન્ટ્રલ ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ મુદ્દા નં.(૧) ડોર ટુ ડોરની ગાડી ઉપર પોટલા લટકાવવામાં આવે છે. તો તેની સામે શું પગલા લેવા માં આવે છે. અત્યાર સુધીમાં લેવાયેલ પગલાની માહિતી આપવી. (૨) લિંબાયત ઝોનમાં કેટલી વોર્ડ ઓફિસ આવેલી છે. તેમાં રોજીંદા કામદારો કેટલા રાખવામાં આવ્યા છે. તેમની પાસે શું કામગીરી કરાવવામાં આવે છે. તેમની નિમણુંક કોણ કરે છે. તેમને મહેનતાણું કોણ ચુકવે છે. તેમની કામગીરીનો સમય શું હોય છે. (૩) ડોર ટુ ડોરની ગાડી કેટલી છે ડોર ટુ ડોરના કોન્ટ્રાકટર પેટા કોન્ટ્રાકટ આપી શકે કે કેમ તેની માહિતી આપવી. તેમજ અપીલ અરજીમાં "સંતોષકારક જવાબ નથી જવાબ અધુરો છે." એમ જણાવી મ્યુ.કમિશ્નરશ્રી, અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગર સેવા સદન, સુરત સંબોધીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ને અત્રેના ઈ.નં.૨૯૦, તા.૦૩/૦૬/૧૬ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દા વાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં. સા.ઈ.ઝોન/ ઈ.એસ.ટી/આર.ટી.આઈ.સેલ/૧૫૬, તા.૦૭/૦૬/૧૬, થી સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓને જણાવેલ.

ઉપરોકત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતા મુળ અરજીના અનુસંધાનમાં સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીની.ચીફ સેને.ઈન્સ્પે.શ્રી એમ.એ.શેખ દ્વારા ક્રમાંક : સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં.૨૯૨, તા.૨૩/૦૫/૧૬ થી અરજદારને પાઠવેલ જવાબ (માહિતી) મુજબ **"મુદ્દા નં.(૧) :– સદર તમે માંગેલ માહિતીના પાના નંગ –૧ હોય તો રૂા.૨/– ભરી નકલ મેળવી શકશો. મુદ્દા નં.(૨) :– તમે માંગેલ માહિતી પ્રશ્નના રૂપમાં હોય જે RTI ના કાયદા મુજબ**

**આપવાની રહેતી નથી. મુદ્દા નં.(૩) :– ડોર–ટુ–ડોરની કુલ ૩૪ ગાડીઓ રોકવામાં આવેલ છે."**
આમ, અરજદારને સમય મર્યાદામાં જવાબ (માહિતી) પાઠવેલ હોવાનું જણાય છે.

**<u>હુકમ</u>**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯/૦૪/૧૬ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીની.ચીફ સેને.ઈન્સ્પે.શ્રી એમ.એ.શેખ દ્વારા જવાબ (માહિતી) પુરી પાડેલ છે. પરંતુ, મુદ્દા નં.(૨) અને (૩) માહિતી સંપૂર્ણપણે પુરી પાડવા જોગ હોય, દિન – ૦૭ માં અરજદારશ્રીને પુરી પાડવા જણાવવામાં આવે છે.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.એ.પી.ભટ્ટ)
એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તારીખ:– /૦૭/૨૦૧૬

પ્રતિ,

(૧) શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે., S.E.Z... પ્રતિ તથા અમલ જાણ સારૂ.....

(૨) શ્રી હરીશચન્દ્ર ફકીરચન્દ્ર ગડરીયા, તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ...

## સુરત મહાનગરપાલિકા

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૩૧
તા.૧૬/૦૬/૨૦૧૬ (૨૦૧૬–૧૭)

અરજદાર :– શ્રી હુંબલ દિનેશ એ.

સામાવાળા :– શ્રી એમ.એ. શેખ, જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈન્સ્પે., S.E.Z.

ફરીયાદની હકીકત :–

વિષયઃ– આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી હુંબલ દિનેશ એ.ની અત્રેના ઈ.નં.૧૬૬, તા.૧૧/૦૫/૧૬ (આઈ.ડી.નં.૨૯૮, તા.૦૬/૦૫/૧૬, સે.ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ તમામ માહિતી ૨૦૦૦ થી અત્યાર સુધીની ઓલ ગુજરાતની રોજે રોજની માહિતી આપવી.વિગેરે પેરા નં.(૧) થી (૮).

સંદર્ભ :– અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૩૨૫, તા.૧૬/૦૬/૧૬ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૩૧/૨૦૧૬–૧૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી હુંબલ દિનેશ એ.ની અત્રેના ઈ.નં.૧૬૬, તા.૧૧/૦૫/૧૬ (આઈ.ડી.નં.૨૯૮, તા.૦૬/૦૫/૧૬, સે.ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ તમામ માહિતી ૨૦૦૦ થી અત્યાર સુધીની ઓલ ગુજરાતની રોજે રોજની માહિતી આપવી. (૧) ઓલ ગુજરાતમાં સરકારી જમીન,સરકારી કોઈપણ ઓફિસની જગ્યા કે કોઈ રસ્તા પર સરકારી દબાણવાળી જગ્યામાં પબ્લીસીટી કંપની દ્વારા મોટા મોટા બોર્ડ બેનરના થાંભલા ઉભા કરી લેવામાં આવ્યા છે. તેઓએ થાંભલા ઉભા કરતા પહેલા સરકાર પાસે કયા કયા પ્રકારની મંજુરી લેવામાં આવી છે. મંજુરી આપનાર ઓફિસરનું નામ, હોદ્દો, પગાર, તે સરકારમાં ભરતી થયાની તારીખ, ભરતીમાં પસંદગી થયાની પુરી વિગત સાથે માહિતી આપવી. (૨) જે સરકારી જમીન, ઓફિસ કે દબાણવાળી જગ્યાએ એડ ના થાંભલા ઉભા કરવામાં આવ્યા હોય તે તમામ કંપનીનું નામ, તે જગ્યાનું સરનામું, બોર્ડની સાઈઝ, તેની પરમીટ લીધેલ છે તેનું પરમીટ લેટર, સરકારને ચુકવેલ નાણાની રકમ, પરમીટ આપનાર ઓફિસરનું નામ, હોદ્દો, પગાર, એજ્યુકેશન, લાયકાત સાથે ઓલ ગુજરાતની માહિતી આપવી. (૩) તે તમામ એડ માટેના થાંભલાની રકમ એકી સાથે ચુકવેલ છે કે મહિના પ્રમાણેના ભાડા ઉપર છે તે તમામની પુરી માહિતી આપવી. (૪) ઓલ સુરતમાં જે પુલ પર જેનો એડ કોન્ટ્રાકટ ચાલે છે તે કંપનીનું નામ, તે કોન્ટ્રાકટ દ્વારા આપેલ છે કે ટેન્ડર દ્વારા, તે ટેન્ડરની પુરી માહિતી આપવી. (૫) સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા રોડ પર જે એડ માટેના નાના નાના થાંભલા ઉભા કરવામાં આવ્યા છે તેમા અત્યાર સુધીમાં કુલ કેટલી આવક થયેલ છે અને તેનો કોન્ટ્રાકટ કઈ રીતે આપવામાં આવ્યો તેની પુરી માહિતી આપવી. (૬) સુરતમાં ચાલતી સીટી બસ નો કોન્ટ્રાકટ દ્વારા છે કે ટેન્ડર દ્વારા છે તેની રોજે રોજની કેટલી આવક થાય છે અને કેટલી જાવક થાય છે તેની પુરી માહિતી આપવી અને સીટી બસ ના બસ સ્ટેન્ડ માટે જે જગ્યા અને રૂટ બસ સ્ટેન્ડ માટે જગ્યા કયા અધિકારી દ્વારા ફાળવવામાં આવી છે તેની પુરી માહિતી આપવી. (૭) ઓલ સુરતમાં એસ.એમ.સી માં કુલ કેટલો સ્ટાફ છે. તમામ નું નામ, હોદ્દો, એજ્યુકેશન લાયકાત, પગાર તેની થયેલી ભરતી પ્રક્રીયા ની પુરી વિગત, બઢતી થયેલ ઓફિસરનું નામ અને બઢતી આપનાર ઓફિસરનું નામ. સુરત એસ.એમ.સી. પાસે કુલ કેટલા વાહનો છે. વાહનની પુરી વિગતસર માહિતી આપવી. તેમા વાહન ખરીદતી વખતની કીમત, વાહન ખરીદીમાં કઈ પ્રક્રીયાથી વાહન ખરીદી થઈ છે. કોન્ટ્રાકટ દ્વારા કે ટેન્ડર દ્વારા તેની પુરી માહિતી આપવી. તમામ વાહન રોજે રોજ કેટલા કિ.મી. ચાલે છે. તેનો રોજે રોજનો બીજો કેટલો ખર્ચ આવે છે. કેટલુ મેઈન્ટેનન્સ આવે છે. તે કેટલી એવરેજ આપે છે. કયા અધિકારી દ્વારા અને કયા

કયા વિભાગમાં કેટલા વાહનો ચાલે છે તેની ૨૦૦૦ થી અત્યાર સુધીની રોજે રોજની માહિતી આપવી. (૮) એસ.એમ.સી. દ્વારા સુરતના વિકાસ માટે અને બીજા અન્ય રીતે કેટલા કામો ચાલે છે તમામ કામનું નામ, તે ટેન્ડર દ્વારા થયેલ છે કે કોઈ કોન્ટ્રાકટ દ્વારા તેની પુરી વિગત, તેમા કામનું નામ, એસ્ટીમેટની રકમ, કામ ચાલુ થયાની તારીખ, પુર્ણ થયાની તારીખ, સ્થળપર ચેકીંગ કરનાર અધિકારીનું નામ, કેટલીવાર ચેકીંગ કરેલ છે તમામ વખતનો રીપોર્ટ સાથે ૨૦૦૦ થી અત્યાર સુધીની રોજે રોજની માહિતી આપવી. તેમજ અપીલ અરજીમાં અરજદારશ્રી દ્વારા કોઈપણ જાતનું કારણ જણાવ્યા વિના, મ્યુની. કમિશ્નરશ્રી, સુરત મહાનગર સેવાસદન, સુરત ને સંબોધિને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી, કાર્યપાલક ઈજનેરશ્રી, સા.ઈ. ઝોન(લિંબાયત) ને અત્રેના ઈ.નં.૩૨૫, તા.૧૬/૦૬/૧૬ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દા વાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં. સા.ઈ.ઝોન/ ઈ.એસ.ટી/આર.ટી.આઈ.સેલ/૧૮૯, તા.૨૦/૦૬/૧૬, થી સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓને જણાવેલ.

ઉપરોકત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતા મુળ અરજીના અનુસંધાનમાં સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીની. ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એમ.એ.શેખ દ્વારા ક્રમાંક : સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં./૩૭૩, તા.૦૯/૦૬/૧૬ થી અરજદારને પાઠવેલ જવાબ (માહિતી) મુજબ, **"મુદ્દા નં.(૧) થી (૮) :– આ માહિતી અત્રે લાગુ પડતી નથી."** આમ, અરજદારને સ્પષ્ટ જવાબ પુરો પાડેલ હોવાનું જણાય છે.

**<u>હુકમ</u>**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૬/૦૫/૧૬ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીની. ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એમ.એ.શેખ દ્વારા અરજદારને સ્પષ્ટ જવાબ પુરો પાડેલ હોય, તેઓશ્રીને વિશેષ કોઈ હુકમ કરવા જોગ રહેતો નથી.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.એ.પી.ભટ્ટ)
એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તારીખઃ– /૦૭/૨૦૧૬

પ્રતિ,

(૧) શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને સીની. ચીફ સેનેટરી ઈન્સ્પેકટર, S.E.Z....પ્રતિ જાણ સારૂ.....

(૨) શ્રી હુંબલ દિનેશ એ., તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ...

## સુરત મહાનગરપાલિકા

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૬૧
તા.૦૪/૧૦/૨૦૧૬ (૨૦૧૬–૧૭)

**અરજદાર :–** શ્રી સંજય આર.પાઠક

**સામાવાળા :–** શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.,S.E.Z.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી સંજય આર.પાઠકની અત્રેના ઈ.નં.૪૫, ૧૩/૦૪/૧૬ (આઈ.ડી.નં.૫૧, તા.૦૭/૦૪/૧૬, સેન્ટ્રલ ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ મુદ્દા નં.(૧) તા.૨૮/૦૨/૨૦૧૬ ના રોજ સંદેશ દૈનિકમાં છપાયેલ અહેવાલ "લિંબાયત ઝોનમાં કાગળ ઉપર રિક્ષા અને ટ્રકને કચરાના કન્ટેનર બતાવી મસમોટી રકમ ચાઉ કરી જવાઈ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનમાં કરોડોનું કૌભાંડ" વિગતે... વિગેરે મુદ્દા નં.(૧) થી (૭).

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૭૧૬, તા.૦૪/૧૦/૧૬ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૬૧/૨૦૧૬–૧૭.

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી સંજય આર.પાઠકની અત્રેના ઈ.નં.૪૫, ૧૩/૦૪/૧૬ (આઈ.ડી.નં.૫૧, તા.૦૭/૦૪/૧૬, સેન્ટ્રલ ઝોન) ની મુળ અરજીમાં જણાવેલ મુજબ મુદ્દા નં.(૧) તા.૨૮/૦૨/૨૦૧૬ ના રોજ સંદેશ દૈનિકમાં છપાયેલ અહેવાલ "લિંબાયત ઝોનમાં કાગળ ઉપર રિક્ષા અને ટ્રકને કચરાના કન્ટેનર બતાવી મસમોટી રકમ ચાઉ કરી જવાઈ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનમાં કરોડોનું કૌભાંડ" વિગતે... સદર અહેવાલમાં કરવામાં આવેલ રજુઆતના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકાના સંબંધિત વિભાગો દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીઓની માહિતી રેકર્ડ આધારે પ્રમાણિત નકલો સાથે પુરી પાડશો. (૨) લિંબાયત ઝોન ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કોભાંડની તપાસ મ્યુનીસીપલ કમિશ્નરશ્રીએ કરેલ વીજીલન્સ તપાસ માટેના હુકમની પ્રમાણિત નકલ રેકર્ડ આધારે પુરી પાડશો. (૩) લિંબાયત ઝોન ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કોભાંડની તપાસ માટે મ્યુનીસીપલ કમિશ્નરશ્રીએ કરેલ વીજીલન્સ તપાસ માટેના હુકમના સંદર્ભમાં વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગએ આજ દિન સુધી કરેલ તપાસ, તેમજ તપાસના સંદર્ભમાં રજુ કરેલ તપાસ રીપોર્ટની પ્રમાણિત નકલ રેકર્ડ આધારે પુરી પાડશો. (૪) લિંબાયત ઝોન ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કોભાંડના સંદર્ભમાં જવાબદાર ઝોનલ ઓફિસરશ્રી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી તેમજ હિસાબી શાખાના નાયબ એકાઉન્ટન્ટશ્રીના લેવામાં આવેલા નિવેદનોની પ્રમાણિત નકલ રેકર્ડ આધારે પુરી પાડશો. (૫) ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન માટે લિંબાયત ઝોનના ઈજારદાર ભુમિકા ટ્રાન્સપોર્ટને પેટા કોન્ટ્રાકટના સંદર્ભમાં ફટકારવામાં આવેલ નોટીસની પ્રમાણિત નકલ, સદર નોટીસના સંદર્ભમાં ભુમિકા ટ્રાન્સપોર્ટ દ્વારા કરવામાં આવેલ ખુલાસાઓની માહિતી રેકર્ડ આધારે પ્રમાણિત નકલો સાથે પુરી પાડશો. (૬) ભુમિકા ટ્રાન્સપોર્ટ દ્વારા ખુલાસો કર્યા બાદ ભુમિકા ટ્રાન્સપોર્ટ વિરૂધ્ધ કરવામાં આવેલ તમામ કાર્યવાહીઓની માહિતી રેકર્ડ આધારે પ્રમાણિત નકલો સાથે પુરી પાડશો. (૭) લિંબાયત ઝોન ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કૌભાંડમાં જવાબદારી સામે સુરત મહાનગરપાલિકાના સંબંધિત વિભાગો અને મ્યુ.કમિશ્નરશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીઓની માહિતી રેકર્ડ આધારે પ્રમાણિત નકલો સાથે પુરી પાડશો. તેમજ અપીલ અરજીમાં **"માહિતી અધુરી પુરી પાડેલ હોવાનું જણાવી."** અત્રેના અપીલ સત્તાધિકારી, સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત), સુરતને સંબોધીને કરવામાં આવેલ અપીલ અરજી અત્રેના ઈ.નં.૭૧૬, તા.૦૪/૧૦/૧૬ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દા વાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં.સા.ઈ.ઝોન/ઈ.એસ.ટી/આર.ટી.આઈ.સેલ/૩૯૪, તા.૧૦/૧૦/૧૬ થી સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓને જણાવેલ.

ઉપરોક્ત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતા મુળ અરજીના અનુસંધાનમાં સંબંધિત જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.શ્રી એમ.એ.શેખ દ્વારા ક્રમાંક : સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં./૨૦૪, તા.૦૫/૦૫/૧૬ થી અરજદારને પાઠવેલ જવાબ (માહિતી) મુજબ **"(૫) ભુમિકા ટ્રાન્સપોર્ટને આપવામાં આવેલ નોટીસના પાના નંગ – ૧ હોય એક પાના રૂા.૨/– લેખે કુલ રૂા.૨/– ભરી નકલ મેળવી શકશો."** આમ, નકલ ચાર્જ ભરવા પત્ર પાઠવેલ હોવાનું જણાય છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૭/૦૪/૧૬ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.શ્રી એમ.એ.શેખ દ્વારા સયમમર્યાદામાં મુદ્દા નં.(૫) અન્વયે નકલ ચાર્જ ભરવા જણાવેલ. જે મુજબ અરજદારશ્રી ઈચ્છુક હોય તો નકલ ચાર્જના નાણા ભરપાઈ કરી નકલ મેળવી લેવા સ્વતંત્ર છે. પરંતુ મુદ્દા નં.(૧) થી (૪) અને (૬) થી (૭) અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા કોઈપણ પ્રકારની જવાબ (માહિતી) નો ઉલ્લેખ/તબદીલી અંગે કોઈ કાર્યવાહી કરેલ હોવાનું જણાતું નથી. આથી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ દિન– ૦૭ માં વિનામૂલ્યે નકલ સહીતની જવાબ (માહિતી) અત્રેની જાણ હેઠળ અરજદારશ્રીને પુરી પાડવા સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવે છે.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.એ.પી.ભટ્ટ)
એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તારીખ /૧૧/૨૦૧૬

પ્રતિ,

(૧) શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે., S.E.Z પ્રતિ જાણ તથા અમલ સારૂ...

(૨) શ્રી સંજય આર.પાઠક, તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ....

# સુરત મહાનગરપાલિકા

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૭૮
તા.૧૬/૧૨/૨૦૧૬ (૨૦૧૬–૧૭)

**અરજદાર :–** શ્રી સંજય આર મિશ્રા

**સામાવાળા :–** શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.,S.E.Z.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી સંજય આર.મિશ્રાની અત્રેના ઈ.નં.૮૬૬, તા.૧૮/૧૧/૧૬ (આઈ.ડી.નં.૪૪૫, તા.૧૬/૧૧/૧૬, સા.ઈ.ઝોન) માં જણાવેલ મુજબ પ્લોટ નં.૧૬૯/૧૭૦ માનસરોવર સોસાયટી ડીંડોલી તળાવ પાસે, સુરતમાં ચાલતુ ફોરમ વોટર કંપનીની માહિતી આપવા બાબત. વિગેરે મુદ્દા નં.(૧) થી (૩) .

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૯૫૫, તા.૧૬/૧૨/૧૬ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૭૮/૨૦૧૬–૧૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી સંજય આર.મિશ્રાની અત્રેના ઈ.નં.૮૬૬, તા.૧૮/૧૧/૧૬ (આઈ.ડી.નં.૪૪૫, તા.૧૬/૧૧/૧૬, સા.ઈ.ઝોન) માં જણાવેલ મુજબ (૧) પ્લોટ નં.૧૬૯/૧૭૦ માનસરોવર સોસાયટી ડીંડોલી તળાવ પાસે, સુરતમાં ચાલતુ ફોરમ વોટર કંપનીની માહિતી આપવા બાબત. (૨) ઉપરોકત કંપનીના સંચાલન માટે મહાનગર પાલિમા અને ફૂડ એન્ડ ડ્રગ્સ ખાતા તરફથી જે બંધારણ કરવામાં આવેલ છે તેની પ્રમાણિત ઝેરોક્ષ નકલ કોપી આપવી. (૩) ઉપરોકત સંસ્થામાં સંચાલન કરવા માટે માનસરોવર સોસાયટીના અંદર કોમર્સીયલ ના બાંધકામ કરવા માટે મનપા લિંબાયત ઝોન તરફથી મંજૂરી આપવામાં આવેલ છે તેના બી.યુ.સી. સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ આપવી. તેમજ અપીલ અરજીમાં **"સમયસર માહિતી મળી નથી"** એમ જણાવી અરજદારશ્રી દ્વારા અત્રેના પ્રથમ અપીલ અધિકારીશ્રી, સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત), સુરતને સંબોધીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના ઈ.નં.૯૫૫, તા.૧૬/૧૨/૧૬ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દા વાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં.સા.ઈ.ઝોન/ઈ.એસ.ટી/આર.ટી.આઈ.સેલ/૪૮૧, તા.૨૦/૧૨/૧૬ થી સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનીટરી ઈન્સ્પેકટરશ્રી એમ.એ.શેખ દ્વારા ક્રમાંક ૧૩૪૭, તા.૦૯/૦૧/૧૭ થી સ્પષ્ટતા કરેલ છે.

ઉપરોકત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતા મુળ અરજીના અનુસંધાનમાં સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એમ.એ.શેખ દ્વારા ક્રમાંક સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં.૧૧૩૫, તા.૦૨/૧૨/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઓફિસરશ્રી, ફુડ વિભાગ, દિલ્હીગેટ, સુરત પ્રતિ સંપૂર્ણ તબદીલ કરેલ હોવાનું જણાય છે. તેમજ ક્રમાંક : સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં.૧૨૩૭, તા.૨૨/૧૨/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર, સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) પ્રતિ આંશિક તબદીલ કરેલ હોવાનું જણાય છે.

**<u>હુકમ</u>**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬/૧૧/૧૬ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એમ.એ.શેખ દ્વારા અરજી સંપૂર્ણ તબદીલ કરેલ હોય, તેઓને વિશેષ કોઈ હુકમ કરવા જોગ રહેતો નથી. જેથી સદર પ્રથમ અપીલ અરજી **દફતરે** કરવામાં આવે છે.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.એ.પી.ભટ્ટ)
એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તારીખ /૦૧/૨૦૧૭

પ્રતિ,

(૧) શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.,S.E.Z પ્રતિ જાણ સારૂ...

(૨) શ્રી સંજય આર મિશ્રા, તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ....

**સુરત મહાનગરપાલિકા**

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૧૦૦
તા.૧૧/૦૧/૨૦૧૭ (૨૦૧૬–૧૭)

**અરજદાર :–** શ્રી મયુર ફડકે

**સામાવાળા :–** શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને સીની.ચીફ સેને.ઈન્સ્પે., S.E.Z.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી મયુર ફડકેની અત્રેના ઈ.નં.૯/૧૬, તા.૦૭/૧૦/૧૬ (આઈ.ડી.નં,૭૭૧, તા.૧૯/૧૦/૧૬, સેન્ટ્રલ ઓફિસ) માં જણાવેલ મુજબ મુદ્દા નં.(૧) ફૂડ સેફટી અને ડ્રગ દ્વારા જાન્યુઆરી ૨૦૦૫ પછી સુરત જિલ્લાની તમામે તમામ હોટેલ, રેસ્ટોરન્ટ, ફાસ્ટફૂડ તથા ગેસ્ટહાઉસનાં નામ, સરનામા, કોન્ટેકટ નંબર, કોન્ટેકટ પર્સન, રજીસ્ટ્રેશન તથા પ્રમાણપત્રોની નકલ આપશોજી. વિગેરે મુદ્દા નં.(૧) થી (૬).

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૧૦૬૬, તા.૧૧/૦૧/૧૭ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૧૦૦/૨૦૧૬–૧૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી મયુર ફડકેની અત્રેના ઈ.નં.૯/૧૬, તા.૦૭/૧૦/૧૬ (આઈ.ડી.નં,૭૭૧, તા.૧૯/૧૦/૧૬, સેન્ટ્રલ ઓફિસ) માં જણાવેલ મુજબ મુદ્દા નં.(૧) ફૂડ સેફટી અને ડ્રગ દ્વારા જાન્યુઆરી ૨૦૦૫ પછી સુરત જિલ્લાની તમામે તમામ હોટેલ, રેસ્ટોરન્ટ, ફાસ્ટફૂડ તથા ગેસ્ટહાઉસનાં નામ, સરનામા, કોન્ટેકટ નંબર, કોન્ટેકટ પર્સન, રજીસ્ટ્રેશન તથા પ્રમાણપત્રોની નકલ આપશોજી. (૨) ઉપરોકત તમામ સ્થળે આપના વિભાગ દ્વારા છેલ્લા સ્થળ તપાસ રીપોર્ટની નકલ તથા વિઝીટ રીપોર્ટની નકલ તથા કોઈ દંડ વસુલવામાં આવ્યા હોય તથા કોઈ નોટીસ, મેમો અગર કોઈ તપાસ તથા કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હોય તે સંબંધિત તમામ દસ્તાવેજોની નકલો આપશો. (૩) ઉપરોકત તમામના ગુમાસ્તા પ્રમાણપત્ર, આરોગ્ય પ્રમાણપત્ર તથા F.P.O. પ્રમાણપત્ર (રજી.), FSSAI (રજી.), ISO (રજી.), ISI(રજી.) વગેરેની સંપૂર્ણ વિગતવાર નકલો આપશો. (૪) ઉપરોકત તમામના પાણી જોડાણ કનેકશન તથા ડ્રેનેજ લાઈનના કોમર્શીયલ વપરાશ માટેની લીધેલ મંજુરી બાબતની વિગતવાર માહિતીની નકલો આપશો. (૫) ઉપરોકત તમામના બાંધકામના સ્ટ્રકચર, સ્ટેબીલીટી રીપોર્ટ તથા BUC રીપોર્ટની નકલો આપશો. (૬) ઉપરોકત તમામના ફાયર વિભાગ દ્વારા આપવામાં આવેલ NOC પત્રોની નકલો તથા કર્મચારીઓની પોલીસ NOC રીપોર્ટ નકલો આપશો. તેમજ અપીલ અરજીમાં **"સ્પષ્ટ જવાબ નહી મળેલ હોવાથી"** એમ જણાવી અરજદારશ્રી દ્વારા અત્રેના પ્રથમ અપીલ અધિકારી, સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત), સુરતને સંબોધીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના ઈ.નં.૧૦૬૬, તા.૧૧/૦૧/૧૭ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દા વાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં.સા.ઈ.ઝોન/ઈ.એસ.ટી/આર.ટી.આઈ.સેલ/૫૫૦, તા.૨૧/૦૧/૧૭ થી સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવેલ.

ઉપરોકત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતા મુળ અરજીના અનુસંધાનમાં સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એમ.એ.શેખ દ્વારા ક્રમાંક : સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં.૧૦૨૬, તા.૧૦/૧૧/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઓફિસરશ્રી (ફુડ વિભાગ), દિલ્હી ગેટ, પ્રતિ સંપૂર્ણ તબદીલ કરેલ હોવાનું જણાય છે.

<u>**હુકમ**</u>

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯/૧૦/૧૬ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એમ.એ.શેખ દ્વારા મુળ અરજી સંપૂર્ણ તબદીલ કરેલ હોય, તેઓને વિશેષ કોઈ હુકમ કરવા જોગ રહેતો નથી.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.એ.પી.ભટ્ટ)
એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તારીખઃ– /૦૨/૨૦૧૭

પ્રતિ,

(૧) શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને સીની.ચીફ સેને.ઈન્સ્પે., S.E.Z. પ્રતિ જાણ સારૂ....

(૨) શ્રી મયુર ફડકે, તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ....

# સુરત મહાનગરપાલિકા

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
વાટીકા ટાઉનશીપ સામે, ડુંભાલ, સુરત.
૦૨૬૧–૨૩૩૧૯૦૩–૦૪–૦૫
અપીલ અરજી નં.SMC/FAP/SEZ/નં.૧૩૧
તા.૦૩/૦૩/૨૦૧૭ (૨૦૧૬–૧૭)

**અરજદાર :–** શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી

**સામાવાળા :–** શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે.,S.E.Z.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીની અત્રેના ઈ.નં.૧૧૫૦, તા.૩૦/૦૧/૧૭(આઈ.ડી.નં.૪૫૮, તા.૧૮/૦૧/૧૭, મધ્યસ્થ કચેરી) માં જણાવેલ મુજબ (૧) દિનાંક ૧૬/૧૦/૧૫ (૨) દિનાંક ૦૯/૦૧/૧૭ (૩) દિનાંક ૨૫/૦૯/૧૬ (૪) દિનાંક ૦૪/૦૮/૧૬ (૫) દિનાંક ૨૨/૧૧/૧૩ (૬) દિનાંક ૨૮/૦૧/૧૬ (૭) દિનાંક ૦૮/૦૯/૧૫ કે આવેદનો પર કી ગઈ કાર્યવાહી કી પ્રમાણિત નકલ પ્રાપ્ત કરને બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અત્રેના ઈ.નં.૧૨૬૮, તા.૦૩/૦૩/૧૭ ની અપીલ અરજી, SMC/FAP/SEZ નં.૧૩૧/૨૦૧૬–૧૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીની અત્રેના ઈ.નં.૧૧૫૦, તા.૩૦/૦૧/૧૭(આઈ.ડી.નં.૪૫૮, તા.૧૮/૦૧/૧૭, મધ્યસ્થ કચેરી) માં જણાવેલ મુજબ (૧) દિનાંક ૧૬/૧૦/૧૫ (૨) દિનાંક ૦૯/૦૧/૧૭ (૩) દિનાંક ૨૫/૦૯/૧૬ (૪) દિનાંક ૦૪/૦૮/૧૬ (૫) દિનાંક ૨૨/૧૧/૧૩ (૬) દિનાંક ૨૮/૦૧/૧૬ (૭) દિનાંક ૦૮/૦૯/૧૫ કે આવેદનો પર કી ગઈ કાર્યવાહી કી પ્રમાણિત નકલ પ્રાપ્ત કરને બાબત. તેમજ અપીલ અરજીમાં **"સમય મર્યાદા પૂર્ણ હોને પર ભી આવેદનો કી જાનકારી નહી દી"** એમ જણાવી અરજદારશ્રી દ્વારા મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, સુરતને સંબોધીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના પ્રથમ અપીલ અધિકારીશ્રી, સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત), સુરતને અત્રેના ઈ.નં.૧૨૬૮, તા.૦૩/૦૩/૨૦૧૭ થી મળેલ છે.

મૂળ અરજીની નકલ, તબદીલી, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૫ માં નીચે સહી કરનારને પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા અરજદારને નકલ ચાર્જ ભરવા અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પત્ર (નમૂનો "ખ") પાઠવેલ હોય તો તેની નકલ ઉપરાંત માહિતીની દફતરી વિગતો મુદ્દા વાઈઝ નકલ સ્પષ્ટ કરવા નં.સા.ઈ.ઝોન/ઈ.એસ.ટી/આર.ટી.આઈ.સેલ/૬૩૫, તા.૦૭/૦૩/૧૭ થી સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવેલ.

ઉપરોકત સમગ્ર તુમારી કામના કાગળો ચકાસતા મુળ અરજીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને ચીફ સેને.ઈન્સ્પેકટરશ્રી એમ.એ.શેખ દ્વારા ક્રમાંક : સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં./૬૫, ૧૫/૦૪/૧૭ થી પાઠવેલ જવાબ (માહિતી) મુજબ **"આપની તા.૧૭/૦૮/૨૦૧૬ ની અરજીમાં જણાવ્યામુજબ લક્ષ્મી કિરાણા સ્ટોર, પુનમ ટોકીઝ પાછળ, પ્લોટ નં.૬૦, બીલીયાનગર–૨, નવાગામ–ડીંડોલી, સુરતના માલિકશ્રી નાગેશકુમાર લક્ષ્મીકાંત શુકલ છે. તેઓએ બી.પી.એમ.સી.એકટ મુજબનો પરવાનો મેળવેલ ન હતો. જેથી તેઓને**

**તા.૨૯/૦૮/૨૦૧૬ ના રોજ એક ચેતવણી આપવામાં આવેલ હતી. જેની નકલ આ સાથે સામેલ કરેલ છે. – અન્ય મુદ્દા અત્રે લાગુ પડતા નથી."** આમ જવાબ (માહિતી) પુરી પાડેલ હોવાનું જણાય છે.

**<u>હુકમ</u>**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮/૦૧/૧૭ ના રોજની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને ચીફ સેને.ઈન્સ્પેકટરશ્રી એમ.એ.શેખ દ્વારા નકલ સહીતની જવાબ (માહિતી) પાઠવેલ હોય, તેઓને વિશેષ કોઈ હુકમ કરવા જોગ રહેતો નથી.

સદર હુકમથી અરજદાર નારાજ હોય તો, માન.મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દિન – ૯૦ માં દ્વિતીય અપીલ અરજી કરી શકે છે.

(ડો.એ.પી.ભટ્ટ)
એપેલેટ ઓફિસર અને નાયબ આરોગ્ય અધિકારી
રાઈટ ટુ ઈન્ફો.સેલ (SEZ/EST)
સુરત મહાનગરપાલિકા

નં. આરટીઆઈ સેલ/મહેકમ
તારીખઃ– /૦૪/૨૦૧૭

પ્રતિ,

(૧) શ્રી એમ.એ.શેખ, જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પે., S.E.Z. પ્રતિ જાણ સારૂ....

(૨) શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી, તેઓની અપીલ અરજી અંગે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ....